# ડુંગરપુરની બહાદુર બેટી

– સાંકળચંદ પટેલ

ભારતની આઝાદી પહેલાંની આ વાત છે.

ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર એક જગ્યા આવેલી છે. તેને ડુંગરપુર વિસ્તાર કહેવામાં આવે છે. ડુંગરપુર એક રજવાડું હતું. તેના રાજવી હતા. મહારાવલ લક્ષ્મણસિંહ. લક્ષ્મણસિંહ પ્રજાવિરોધી રાજા હતા. પ્રજાકલ્યાણનાં કામોમાં તેમને રસ નહોતો. પ્રજા હંમેશાં ગુલામ રહે તેમાં જ તેમને રસ હતો.

આ વિસ્તારમાં ગામઠી શાળાઓ શરૂ થઈ હતી. પાલ ગામમાં શાળાના મકાન માટે નાનાભાઈ ખાટે પોતાનું મકાન આપ્યું હતું. એ શાળાના શિક્ષક હતા સેંગાભાઈ.

રાજા લક્ષ્મણસિંહને આ વાતની જાણ થઈ એટલે તે ધૂંધવાઈ ઊઠ્યા. તેમણે મનમાં વિચાર કર્યો. ''પ્રજા જો ભણશે–ગણશે તો જાગ્રત થશે, દુનિયાની વાતો જાણશે ને પોતાના અધિકારો માગશે. પછી મારો દબદબો નહિ રહે.''

આવું વિચારીને તેમણે સિપાઈઓને બોલાવીને આદેશ આપ્યો : ''જાઓ, ડુંગરપુરમાં જ્યાં જ્યાં



શાળાઓ શરૂ થઈ હોય, તે બધી શાળાઓ બંધ કરાવી દો. જરૂર પડે તો બળનો ઉપયોગ પણ કરો.''

સિપાઈઓની ટુકડી ગામેગામ જઈને શાળાઓ બંધ કરાવવા લાગી. લોકો રાજાના ભયને લીધે શાળાઓ બંધ કરવા લાગ્યા. સિપાઈઓની સેના ફરતી ફરતી પાલ ગામમાં આવી. તેમણે શાળાના મકાનમાલિક નાનાભાઈને તથા શિક્ષક સેંગાભાઈને બોલાવીને કહ્યું : ''અબીને અબી શાળા બંધ કરી દો, અને હવે પછી કદી શાળા ખોલવાનો પ્રયાસ કરવાનો નથી.''

નાનાભાઈ અને સેંગાભાઈ વિદ્યાપ્રેમી હતા. બાળકો થોડું પણ ભણે એવી એમની ઈચ્છા હતી. તેથી તેમણે વિનંતી કરી : ''અમે શાંતિથી શાળા ચલાવીશું, અમારા ખર્ચથી ચલાવીશું, રાજ્ય પાસે અમે પૈસો પણ માગીશું નહિ.....!''

પોલીસવડાએ ગરજીને કહ્યું : ''અબે, શાળા બંધ કરવાની એટલે કરવાની. દલીલ નહિ કરવાની સમજ્યા ?''

પછી તો નાનાભાઈ અને સેંગાભાઈ પણ મક્કમ થઈ ગયા અને કહી દીધું : ''અમે શાળા બંધ નહિ કરીએ, જાઓ તમારાથી થાય તે કરી લો.''

અને જમાદારનો પિત્તો ગયો. તેણે હુકમ આપી દીધો : ''બંનેને મારો, પીટો અને બાંધીને લઈ લો થાણામાં.''

હુકમની જ રાહ જોઈ રહેલી પોલીસ બંને પર તૂટી પડી. મારી મારીને તેમના બેહાલ કરી દીધા. અસહ્ય મારથી બેભાન થઈને તેઓ જમીન પર ઢળી પડયા અને નાનાભાઈનું તો પ્રાણપંખેરું ઊડી ગયું.

ધીરે ધીરે ગામના લોકોની ભીડ જમા થઈ રહી હતી. જમાદારે બીજો આદેશ આપ્યો : ''માસ્તરને પોલીસગાડી સાથે બાંધી લઈ લો.''

પોલીસોએ સેંગાભાઈને બેભાન અવસ્થામાં પોલીસગાડી સાથે બાંધી દીધા ને ગાડી ચાલુ કરી દીધી. સેંગાભાઈ ગાડી સાથે ઘસડાવા લાગ્યા. ગામના લોકોએ જોઈ રહ્યા હતા, પરંતુ ગાડી રોકવાની કોઈની હિંમત ચાલતી નહોતી.

એ જ વખતે બાર વર્ષની એક ભીલકન્યા ખેતરમાંથી કામ કરીને ઘેર આવી રહી હતી. તેનું નામ કાલીબાઈ. તે આ ગુરુજીની વિદ્યાર્થિની હતી. તેણે આ દશ્ય જોયું ને તેનાથી રહેવાયું નહિ. માથેથી ચારનો ભારો ફેંકી દઈને, દાતરડું લઈને તે દોડી. પોલીસે ચેતવણી આપી : ''છોરી, એટલે જ ઊભી રહેજે, નહિ તો ગોળીથી તને ઉડાવી દેવામાં આવશે.''

પરંતુ આ ભીલકન્યા કાલીબાઈ ડરપોક નહોતી. દોડીને તેણે ગાડી સાથે બાંધેલું દોરડું દાતરડા વડે કાપી નાંખ્યું, અને ગુરુજી સેંગભાઈને મુક્ત કરાવ્યા. પોલીસ પોતાનું આવું અપમાન સહન ન કરી શકી. તેમણે કાલીબાઈ ઉપર ગોળી ચલાવી દીધી. તે ઘાયલ થઈને ઢળી પડી.

નાનકડી કાલીનું આવું સાહસ જોઈને, ત્યાં જમા થયેલી ભીડમાં પણ હિંમત આવી. કોઈકે ઢોલ લઈને જોરજોરથી વગાડયો. ઢોલનો અવાજ સાંભળીને આજુબાજુથી ભીલની વસ્તી તીરકામઠાં લઈને ત્યાં દોડી આવી. ભીલોની આવી એકતા અને તકાયેલાં તીર જોઈને પોલીસસેના ગભરાઈ ગઈ અને જીવ લઈને નાસી ગઈ.

કાલીબાઈને તથા શિક્ષક સેંગાભાઈને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં. ત્યાં સેંગાભાઈ તો બચી ગયા પરંતુ વીર બાલિકા કાલીબાઈ બચી શકી નહિ. ગુરુની પ્રાણરક્ષા કરીને તે અમર થઈ ગઈ.

આજે પણ આ વીર બાલિકા કાલીબાઈને ડુંગરપુરમાં તેની બહાદુરી માટે યાદ કરવામાં આવે છે.

■